જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૧૭ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૮૨૬/૧૭</u>

## <u>માધવપુરા પોલીસ સ્ટેશનઃ</u>

પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર સાહેબ સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મદદનીશ પો.કમિશનરશ્રી એલ ડિવીજન સાહેબ તથા પોલીસ ઇન્સપેક્ટર સાહેબના માર્ગદર્શનથી તથા અન્ય ઉપરી અધીકારીશ્રીઓની સુચનાથી અમદાવાદ શહેરમા દારૂ કે જુગાર ની પ્રવૃતિ સદંતર બંધ કરાવવા આપેલ સુચના અનુસંધાને અત્રેના માધવપુરા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીગમા હતા જે દરમ્યાન તા.૧૦/૦૯/૨૦૧૭ ના કલાક ૦૨.૧૫ વાગે દુધેશ્વર ચાર રસ્તા આવતા અત્રેના પો.સ્ટે.ના પો.કો દિવ્યરાજસિહ નીરુભા બ.નં ૧૦૧૩૪ તથા પો.કો વખતસિહ વાઘસિહ બ.નં ૬૫૪૬ તથા નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે 'એક એકસેસ નંબર GJ-01-PR-8907 નુ ચાલક તેની પાસે પરપ્રાંતના ઇગ્લીશદારુ નો જથ્થો લઇ અત્રે થી થઇ પસાર થવાનો છે જે બાતમી આધારે સ્ટાફના માણસોએ વોચ કરતા બાતમીવાળુ એકસેસ આવતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને એક્સેસની આગળના ભાગે એક પ્લાસટીકની બેગ મુકેલ હોય જે પ્લાસટીકની બેગ ખોલી જોતા તેમાં ૧૨ નંગ ઇગ્લીશ દારુની બોટલ શીલબંધ હાલતમાં વગર પાસ પરમીટની મળી આવેલ અને પંચો રૂબરૂ તેનુ નામ ઠામ પુછતા તેણે તેનુ નામ વિક્રમ ઉર્ફે વિકી સ/ઓ ઉકાભાઇ પરમાર ઉવ-૨૨ રહે.વીસ ઓરડીની ચાલી છીપા કબ્રસ્તાનની સામે ગીતામંદિર અમદાવાદ જણાવેલ અને જે ઇગ્લીશ દારુના જથ્થા વિશે પુછતા તેને ભાડે રાખેલ દુકાન સફલ-૬ મા દુકાન નંબર આઇ/૩૩૬ ગાજ બટન તથા પ્રેસના કામ માટે ભાડે રાખેલ હોય ત્યા બીજો જથ્થો હોવાનુ જણાવતા પંચો રૂબરૂ તેને સાથે રાખી બાજુમા આવેલ સફલ-૬ મા જઇ આઇ બોલ્કમા દુકાન નંબર ૩૩૬ માં તપાસ કરતા ત્યાથી પણ જુદી જુદી બ્રાંડના ઇગ્લીશદારુ ની બોટલો તથા બિયર નંગ ૪૩૮ મળી આવેલ જે કુલ્લે ૪૫૦ નંગ ગ કિ.રૂ. ૧,૬૦,૬૦૦/ એકસેસ નંબર GJ-01-PR-8907 કિ રૂ 30,000/ મળી કુલ્લે રૂ ૧,૯૦,૬૦૦/ ના મુદ્દામાલ સાથે પકડી લઈ પ્રશસંનીય કામગીરી કરેલ છે સદરી આરોપી વિરુધ્ધમા અત્રેના પો.સ્ટે.ખાતે પ્રોહી ગુ.ર.નં- ૫૨૫૫/૧૭ પ્રોહીએકટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૯૮(૨),૯૯ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ મ.સ.ઈ પ્રવિણસિંહ કાનાજી નાઓ ચલાવી રહેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશનઃ

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા શરીર સંબંધી ગુનાઓમા સંડોવાયેલ આરોપી ત્રીકમભાઇ નરસિંહભાઇ ડાભી, ઉ.વ-૫૧ ધંધો- વેપાર, રહે-મ.નં.૭૪૩ બ્લોક નં.-૨૪, ગરીબ આવાસ યોજના, ઔડાના મકાનમાં, વાસણા,અમદાવાદ મુળ વતન ગામ : બગવાડા દરવાજા વાદી સોસાયટી, પાટણ તા.,જી: પાટણ નાઓના વિરુધ્ધમા શરીર સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રીત કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૫૯૧/૧૭ તા.૦૭/૦૯/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૧૦/૦૯/૨૦૧૭ ના કલાક ૧૩/30 વાગે પાસા હુકમની બજવણી કરી " ભુજ જેલ "ખાતે પાસા અટકાયતી ને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૧૦/૦૯/૨૦૧૭

## સરદારનગર પોલીસ સ્ટેશનઃ

(ધાડનો ગુનો ડીટેકટ)

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા ના.પો. કમિશ્રી.ઝોન-૪ સા.તથા મ.પો.કમિ.શ્રી "જી" ડીવી.સા.નાઓના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર એચ.બી.ઝાલા તથા એન.એન. ચાવડા તથા પો.સબ.ઇન્સ.પી.જે.ખરસાણ તથા સ્ટાફના માણસો દ્વારા સરદારનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૭૩/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૯૫ મુજબના કામના આરોપીઓ પૈકી કુણાલ ઉર્ફે ડોન સ/ઓ કિરીટ ગારંગે તથા અક્ષય સ/ઓ કિરીટ ગારંગે ઉ.વ.૨૨ બંને રહેવાસી:મહાજનીયા વાસ નરોડા પાટીયા તથા અજય સ/ઓ સુનીલભાઇ ઇન્દ્રેકર રહેવાસી:ફ્રી કોલોની છારાનગર ના આગુનાના આરોપીઓને મુદ્દામાલ મોબાઇલ તથા રોકડ રૂ.૬૦૦/- સાથે મળી આવતા તેઓને આ ગુનાના કામે તા:૮/૯/૧૭ ના કલાક ૨૧/૦૦ વાગે પકડી અટક કરી મુદ્દામાલ પંચનામા વીગતે કબજે કરી સદરી ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી ધાડનો ગુનો શોધી કાઢેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.